સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૩ / શુમારો : ૩ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદીલ ઉલા-ઉખરા ૧૪૩૬ / માર્ચ-એપ્રિલ ૨૦૧૫

મોહબ્બતની પુકાર

પાંચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **હલિદ્દીનો ઈલ્લલ હુબ્બ**, યાઅની, શું દીન હોઈ શકે મોહબ્બત બગૈર? આપના આ કૌલની માઅના એ છે કે, જેમ તહારત-વુઝૂ બગૈર નમાઝ નથી, અહલુલ બૈત (અ.સ.) બગૈર કુરઆન નથી, તેમ દીનનો વુજૂદ જ ન હોય જો મોહબ્બત ન હોય. દીનની ઈમારત મોહબ્બતના મઝબૂત પાયા પર છે. આપ મૌલાએ આ કલામ ત્રણ વાર ફરમાવા અને તાકીદ કીધી કે જે મુમિન હોય તેના પર દીનના સાહેબ યાઅની ઈમામની મોહબ્બત લાઝિમ અને ફરઝે ઐન છે.

ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **કુલ ઈન કુન્તુમ તોહિબ્બૂનલ્લાહ ફત્તબેઊની યોહબિબકુમુલ્લાહ વ યગફિર લકુમ ઝોનૂબકુમ વલ્લાહો ગફૂરૂર્રહીમ**, યાઅની, અય નબી, આપ કહો! અય લોગો જો તમેં ખુદાથી મોહબ્બત કરતા હોવ તો પછી મારા કહ્યા મુજબ અમલ કરો તો ખુદા તમારાથી મોહબ્બત કરશે અને ખુદા તમારા ગુનાહ બખ્શી દેશે અને તે ખુદા તો મોટો બખ્શનાર અને રહેમ કરનાર છે. આ આયતે શરીફહમાં ઈશારો એ છે કે, ખુદા અને તેના બંદાઓને દરમિયાન મોહબ્બત હોવી જોઈએ. આ મોહબ્બત કઈ તરહ રાખી શકાય? રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં મારા કહ્યા પર ચાલશો તો જ ખુદાની મોહબ્બત તમને કામ લાગશે. મારી તાઅત કરશો તો તેમાં ખુદાની તાઅત છે. મને જે ખુશ કરશે તેએ ખુદાને ખુશ કીધા. મને જે ઈઝા પહોંચાવશે તેએ ખુદાને ઈઝા પહોંચાવા મુજબ છે. તો સાબિત થયું કે, નબી અને ખુદાની ખુશી એક જ છે. નબી સાહેબની મોહબ્બત તે ખુદાની મોહબ્બત છે.

ઉપર મઝકૂર આયતે કુરઆની હમને એ પણ બતાવે છે કે, હરએક ઝમાનમાં કોઈ એક એવા સાહેબ હોવા જોઈએ જે એમ પુકાર કરે કે, **"મને તમેં માનો યા તાબેઅ થાવ, તો ખુદાની ખુશી-મોહબ્બત હાસિલ કરી શકશો."** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ આપની જગા પર આપની આલ માંથી કોઈ એક સાહેબ પુકારનાર હોય જેની તાબેઅદારી ફરઝ કરવામાં આવી હોય. નબી સાહેબે ફરમાવું છે કે, હું તમારા દરમિયાન બે નફીસ-ભારી ચીઝોને મુકી જાઉં છું. **૧) ખુદાના કિતાબ કુરઆને કરીમ છે અને ૨) મારા ફરઝંદો મારી ઈતરત-આલ છે.** આ બે ચીઝ હર વક્ત એક-બીજા સાથે જોડાયેલી છે. એકના હોવાથી બીજી કામિલ થાય છે. કુરઆનની આયતો પુકારીને સમઝાવનાર તે નબી સાહેબની આલ છે જેના ઈમામ હર હાલતમાં આ દુનિયાની ઝમીન પર મૌજૂદ હોય છે અને તેના અવ્વલ મૌ. અલીયુલ મુરતઝા (અ.સ.) છે. આપ તમામ ઈમામોના બાવાજી સાહેબ છો જેને નબી સાહેબે પોતાના જાંનશીન મુકર્રર કીધા. ઈમામ ઝાહિર હોય કે બાતિન હોય, આપની તાબેઅદારી મુમિન પર હર લેહાઝથી ઝરૂરી છે. ઈમામ જો સતર-પડદામાં હોય તો આપના દોઆતે મુત્લકીન આપની મોહબ્બત કરવા તરફ મુમેનીનને પુકાર કરે છે, જેમ ઉપર મઝકૂર આયતમાં ફરમાને ઈલાહી કરવામાં આવું છે.

ઈસ્લામના તમામ ફિરકાઓ આ આયતના ફરમાનનો ઈકરાર તો કરે જ છે, તેથી તેઓએ પોતાના મનફાવતા સરદારોને ગાદીઓ-મિમ્બરો પર બેસાડી દીધા છે અને તેઓ હક્કના ઈમામ હોવાની નકલ કરતા રહે છે. **દાઅવતે હાદીયહ શરીફહમાં રૌઝે અઝલથી દાઈઓ-હાદીયોનો સિલસિલો જારી છે અને રૌઝે કેયામત તક જારી રહેશે.** આ સિલસિલાના અકીદા પર મુમેનીનનું ઈમાન છે કે, સતરના દૌરના પહેલા નબી-નાતિક મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તક ૬ નબીયો-નાતિકો થયા.

(બકીયાહ પેજ નં. ૨ પર)

ઈન્સાનનો છુટકારો તેનું સાચું બોલવામાં છે.

(પેજ નં. ૧ નું બાકી)

નુબૂવતના ઝાહિરી સિલસિલા સાથે શુરૂથી જ ઈમામોનો બાતિની સિલસિલો ચાલતો આવો છે. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો ઝમાન પૂરો થાવાના સાથે નુબૂવત ખત્મ થઈ ગઈ, રિસાલત પર મોહર વાગી ગઈ. દીને ઈસ્લામ કામિલ થઈ ગયું અને મૌ. અલીની વલાયત સાથે ઈમાનની પુખ્તગી થઈ ગઈ અને ખુદાની નેઅમત તમામ થઈ ગઈ. ખુદા તરફથી હવે કોઈ શરીઅત આવનાર નથી, કોઈ રસૂલ થાનાર નથી. એક કડવી હકીકત એ પણ છે કે, નબી સાહેબના ઈન્તેકાલ બાદ હક્કના સાહેબને તડછોડીને ઉમ્મતમાં કેવી અફરા-તફરી અને નાઈત્તેફાકી પૈદા થઈ અને ઝમાનાએ કેવી કરવટ બદલી તે જહાનવાલાઓ જાણે છે.

મિસિરમાં ૨૧ માં ફાતેમી આફતાબ મૌલાના ઈમામ અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) ની ૫૨૪ હિ. માં વિલાદત થઈ. આપના બાવાજી સાહેબ મૌ. આમિર (અ.સ.) ઝમાનાની રવિશ-ચાલને સમઝી ચુકા હતા. ઈમામની ઝિંદગી પર ખતરો છે તે આપ જાણી ચુકા હતા. ઈમામત પર કઈ આંચ આવે તે પહેલા આપે યમનના દોઆત સાથે મિલીને સતરના દૌરની તૈયારી શુરૂ કરી દીધી હતી. ૫૨૮ હિ. બાદ ઈમામ તૈયેબ (અ.સ.) ના સતરમાં જાવાથી યમનમાં દોઆતે મુત્લેકીને આપના નામથી દાઅવતે હાદીયહ જારી રાખી. ૯૦૪ સાલથી દોઆતોએ તરહ-તરહની મુશ્કિલીઓનો સામનો કરીને, મહેનતો મશક્કત ઉચકીને ઈમામ તૈયેબ (અ.સ.) અને આપની આલે અત્હર તરફ દાઅવત દેવાનું જારી રાખું. તેથી હમેં જે દાઅવતમાં અકીદો રાખીએ છીએ, તે દાઅવતે હાદીયહ તૈયેબીયહ છે, યાઅની પાકો સાફ દાઅવત. તમામે તમામ ૪૪ દોઆતે ફરમાને ઈલાહી મુજબ એક જ પુકાર કીધી છે કે, **જો તમેં ખુદાથી મોહબ્બત કરતા હોવ તો મને તાબેઅ થાવ. તો ખુદા તમને મોહબ્બત કરશે. તમારા ગુનાહને બખ્શી દેશે. કેમકે તે ખુદા ગુનાહને મુઆફ કરનાર અને રહેમ કરનાર છે.** આજે આ સત્હે ઝમીન પર મુમેનીનને આ નિદાના કરનાર, ઈઝનને આપનાર ૪૩ દોઆતના વારિસ સૈ. વ મૌ. અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) મૌજૂદ છે. ખુદાતઆલાનો હમેં હઝાર-હઝાર શુક્ર કરીએ કે, દાઈએ ખમ્સતે અત્હાર (અ.સ.) ના સબબ હમ મુમેનીનને ખુદાની સહી માઅરેફત કરાવીને મોહબ્બત કરાવનાર અને ગુનાહોંથી આઝાદ કરાવનાર બાકી છે.


ખુદાતઆલા ફરમાવે છે કે, તમે મને યાદ કરશો તો હું તમને યાદ કરીશ. જોવામાં તો ખુદાની યાદ સઘલા કરે છે પણ સાચો રસ્તો અને તરીકો એ છે કે, જેમ મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "તમેં હમને તાબેઅ થયા, હમારા મીસાક સાથે જોડાઈ ગયા તો તમારી ઝિંદગી હમારી ઝિંદગી છે અને તમારી મૌત હમારી મૌત છે. તમારી ઝબાનથી હમારૂં યાદ કરવું તે ખુદાને યાદ કરવું છે." મુમેનીનના દિલોંમાં આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના દોઆતની મોહબ્બતના દાણા પડેલા છે. ઈમાનના આ દાણાના સબબ ખુદાએ મુમેનીનની સીરતને એક મુબારક દરખ્ત મુજબ બનાવી છે. આ દરખ્તને તાઝું, લીલું અને રોનકદાર રાખવા મુમેનીન દોઆતની તાબેઅદારી કરીને ખુદાથી મોહબ્બતની રગબત રાખે છે. ખુદાના વલીની ખુશી બગૈર ખુદાની ખુશી હાસિલ થઈ શક્તી નથી. નેક કામ જો ગૈર રસ્તાથી કરવામાં આવે તો તે મન્જૂર થાતું નથી. કોઈ મુમિનને હોશ હોય કે પોતાના કામથી ખુદાને ખુશ કરે તો તેને લાઈક છે કે, પહેલે ખુદાના વલીને ખુશ કરે. હમણા ઈમામ આલી મકામ સતરમાં છે તો આપના દાઈ આપની જગા પર હાઝિર છે, અપની આંખોના સામે છે. ઈમામે હક્ક વાસ્તે બયાન આવું છે કે, **ઈમામ તો ખુદાનું નૂર છે જે ઈન્સાની જિસ્મમાં આવીને ખુદાનું નૂર મોહબ્બતના તૌર પર લોગોમાં ઝાહિર કરે છે.** તે ખુદા નથી, પણ ખુદાના મઝહર છે, એની ખુશીમાં ખુદાની ખુશી છે. દાઈયુલ મુત્લક ઈમામના નૂરની કુરસી પર નિશસ્ત રાખે છે. દાઈની ખુશીમાં ઈમામની ખુશી શામિલ છે. દાઈની ખુશી હાસિલ થાવી તે મુમિન વાસ્તે નેકી અને ઐન સઆદત છે.

શૈતાનની નાપાકીથી દૂર રહેવું મુમિનના દિલમાં દાઈની મોહબ્બત ઝિયાદહ કરે છે. કેમકે, શૈતાન મોહબ્બતે ખુદાનો ખુલ્લો દુશ્મન છે. ખુદાતઆલા પોતાના દાઈ અને વલી સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને મુમેનીન વાસ્તે હમેશા બાકી રાખજો અને મુમેનીનને આ દાઈયુલ્લાહિલ અમીનની મોહબ્બતમાં હર પલ લબરેઝ રાખજો. આમીન, ઈન્નલ્લાહા યોહિબ્બુલ મુમેનીન.

ખુદાએ દીનને દાઈથી કીધું છે કાઈમ, ખુદાએ એની મોહબ્બતના હુકમ કીધા છે,
કુરઆનથી છે મોહબ્બત એ દાઈની લાઝિમ, મલકએ એના વસીલા દોઆમાં લીધા છે. ☆

સાચું બોલવું તે ઈમાનની હકીકતોંમાં શામિલ છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ ઉભી તરકીબ :


૧) નારાઝ, ગુસ્સા. (૨)
૨) બરદાશ્ત, ઉચકવું. (૩)
૩) કરબલાએ મોઅલ્લા _____ મુલ્કમાં છે. (૩)
૭) અલ્લાહતઆલાએ લોગો વાસ્તે _____ માં શિફા મુકેલી છે. (૨)

❋ આડી તરકીબ :

૨) નિય્યતને તમેં દિલની _____ સાથે લો. (૩)
૪) મૌ. અલી અમીરૂલ મુમેનીન વલાયતના _____ છે. (૨)
૫) _____ ની વાતને કોઈ ત્રીજા શખ્સ નઝદીક ન ખોલો. (૨)
૬) _____ ચાખીને પછી જમનને તનાવુલ કરો. (૩)

૦ સહીહ જવાબ આપનાર : મરિયમબુ મોહંમદઅલી ફોટોગ્રાફર

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.



ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુમાદીલ ઉખરા મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

ફરિશ્તાઓની મદદ

બદરની જંગમાં અલ્લાહતઆલાએ મુસલમાનોં વાસ્તે ફરિશ્તાઓને મોકલીને મદદ કીધી. મુસલમાનોં સાથે એક હઝાર ફરિશ્તાઓંને કાફિરોને ખિલાફ જંગ કરવા મોકલા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને વાઅદો કીધો કે, અગર દુશ્મનોંની તાકત વધારે થાશે તો હમેં ત્રણ હઝાર શું બલકે પાંચ હઝાર ફરિશ્તાઓંની મદદ મોકલીશું, જેથી અય રસૂલ! તમને અને તમારા સાથીદારોંને ફત્હો નુસ્રત અને સુકૂનો ઈત્મિનાન હાસિલ થાય. જંગે બદરમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અબ્દુલ્લાહ બિન અબ્બાસ (અ.સ.) ને ફરમાવું કે, મેં જોયું કે મૌ. જિબ્રઈલ (અ.સ.) પોતાના ઘોડાની લગામ થામીને ઉભેલા છે.

જંગ દૌરાન એક અન્સારી શખ્સે, મુશ્રિક પર હમલો કીધો. તે પહેલા કે અન્સારી તેને મારે, તેના પર કોઈએ એક ઝોરદાર વાર કીધો અને ગૈબી આવાઝ આવી કે, **"અય હૈઝૂમ! તમેં આગલ વધો"**, અને પછી અન્સારીએ જોયું કે તે મુશ્રિક હલાક થઈને ઝમીન પર પડેલો છે, તેના કપડા ચાક-ચાક છે, તેનું મૂંહ ફાટી ગયેલું છે અને તેના જિસ્મના હર હિસ્સા પર મારના નિશાન છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને પૂછવામાં આવું કે, તે અમર કઈ તરહ બનો? નબી સાહેબે જવાબ આપો કે, તે ઘોડે-સવાર મૌ. જિબ્રઈલ હતા, જેઓ મુસલમાનોં સાથે રહીને દુશ્મનોં પર હમલો કરતા હતા. મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના બાવાજી સાહેબ મૌ. ઈમરાન (અ.સ.) ની કુનીયત જેમ અબુ તાલિબ હતી તેમ અબુ હાઝિમ પણ હતી. મૌ. જિબ્રઈલના ઘોડા હૈઝૂમ પરથી આપની કુનીયત પડી હતી. સઅદ બિન વકાસ કહે છે કે, જંગે બદરમાં હું હાઝિર હતો. મેં જે નઝારો જોયો તે મારી પૂરી ઝિંદગીમાં જોયો ન હતો. જે વક્ત મેં બદરના મૈદાનના દરમિયાન માં હતો તો મેં સફેદ લિબાસ પહેરેલા (બકીયાહ પેજ નં. ૭ પર)

કલામોંમાં સાચામાં સાચા કલામ તે ખુદાતઆલાના છે.

ફાતેમી ઇલ્મો તહેઝીબને ઝાહિર કરનાર
મૌ.ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.)

અખ્બારના કિતાબોમાં બયાન છે કે, ચોથા ફાતેમી ઈમામ મૌ. મોહંમદુલ બાકિર (અ.સ.) ના માઁ સાહેબા ઉમ્મે અબ્દિલ્લાહ ફાતેમા બિન્તે મૌ. ઈમામ હસન બિન મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. આપ મૌલામાં બેવે તરફથી શરફ જમા થયા છે. આપના માઁ સાહેબા તે મૌ. ઈમામ હસન (અ.સ.) ના દુખ્તર અને આપના બાવાજી સાહેબ તે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના ફરઝંદ. આપ ફઝલમાં, ઈલ્મમાં, પાકીમાં, પરહેઝગારીમાં અને ઈબાદતમાં આપના બાવાજીઓના ચાલ-ચલન, અખ્લાક અને ખસલતોંમાં મોટા થયા છે. આપે આપના માઁ-બાવાજીની ફઝીલતોંના તમામ દરજાતને હાસિલ કીધા છે.

એક દિન મૌ. અલી અમીરૂલ મુમેનીને (અ.સ.) આપના પોતા મૌ. અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને પોતાના સીનાથી લગાવા અને ફરમાવું કે, અય દીકરા! રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તમારા પર એ હુકમ કીધો છે કે, ઈમામતના અમરને તમારા પછી તમારા ફરઝંદ જે રસૂલુલ્લાહના હમનામ હશે અને જે ઈલ્મના નૂરને આ ખલ્કમાં બાકિર બનીને ઝાહિર કરશે તેના તરફ સોંપજો. આ સાથે નબી સાહેબે ફરમાવું છે કે, મારા તરફથી મારા ફરઝંદ મોહંમદને સલામ પહોંચાવજો. તે વાસ્તે અય દીકરા, અલી! નબી સાહેબ તરફથી તમારા ફરઝંદ મોહંમદને આ કલામ કહીને સલામ પહોંચાડજો. તે કલામ છે, **" યા બાકિરલ ઈલ્મે ઉબ્કુરહો બકરન "**, યાઅની, અય ઈલ્મના ફાડનાર, ઈલ્મને ઝાહિર કરનાર, તમેં ઈલ્મને ફેલાવો.

રિવાયતમાં બયાન છે કે, અસ્હાબે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માંથી મૌ. જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) ની ઉમ્ર ઘણી જ દરાઝ થઈ હતી. આપ આપના ગુલામોંથી ખબર કઢાવતા કે, શું મૌ. અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ફરઝંદો માંથી મોહંમદ કોઈનું નામ છે કે નહીં! આપની આઁખોની રોશની ઝઈફીના સબબ ચાલી ગઈ હતી. એક દિન આપ પોતાના ખાદિમના ખભા પર હાથ મુકીને મૌ. અલી ઈમામ આલી મકામના મકાન નઝદીકથી જાતા હતા. તે મકાનના દરવાઝા પર ઈમામ (અ.સ.) ની લોંડી બચ્ચાને રમાડતી હતી અને યા મોહંમદ, યા મોહંમદ કહીને પુકારતી હતી. આ નિદા સાંભલીને મૌ. જાબિરે પોતાના ખાદિમને પૂછું કે, શું આ ઘર મૌ. અલી ઝૈનુલ આબેદીનનું છે? ખાદિમે કહ્યું કે, હાઁ! આપ સહી ફરમાવો છો. તે બાદ મૌ. જાબિર તે લોંડીથી કરીબ થયા અને તેને કહ્યું કે, જે બચ્ચા મોહંમદ તારા પાસે છે તે કૌન છે? લોંડીએ ખબર કીધી કે, **એ તો મોહંમદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અ.સ.) છે.** આપે ખૂબ ખુશ થઈને તેને કહ્યું કે, તે બચ્ચાને મારા પાસે લાવ. લોંડીએ ફરઝંદને મૌ. જાબિરના હાથમાં આપા. આપે તેને આપના સીનાથી લગાવી લીધા અને પોતાના ચહેરાને તે ફરઝંદના તમામ બદન પર બરકત વાસ્તે ફિરાવા. ફરઝંદના બેવે હાથને ચૂમા.

પછી આપે ફરમાવું કે, અય મોહંમદ! અય રસૂલુલ્લાહના ફરઝંદ! રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તમને સલામ કહ્યો છે અને ફરમાવું છે કે, "યા બાકિરલ ઈલ્મે ઉબ્કુરહો બકરન". પછી પૂછનારે પૂછું કે, અય જાબિર! તમેં આ ફરઝંદ સાથે આ મિસિલનો અમલ શું કામ કીધો? મૌ. જાબિરે ખબર કીધી કે, એક દિન હું નબી સાહેબના પાસે બેસેલો હતો અને મૌલાના હુસૈન આપની ગોદમાં બેસા હતા. તે વક્ત આપે ફરમાવું કે, "અય જાબિર! તમેં આ મારા ફરઝંદ હુસૈનના ફરઝંદના ફરઝંદ આ દુનિયામાં પૈદા થાશે, વહાઁ તક ઝિંદા રહેશો અને તે ફરઝંદની તમેં મુલાકાત કરશો અને તે ફરઝંદ મારા નામથી હશે, તે મોહંમદ હશે. તે ફરઝંદને અલ્લાહતઆલા ઈલ્મ, નૂર, અને રહેમતથી મુશર્રફ કરશે. અય જાબિર! જે વક્ત તમેં તે ફરઝંદને જોવ તે વક્ત તેને મારા તરફથી સલામ પહોંચાડજો અને મારા તરફથી એમ પણ કહેજો કે, **" યા બાકિરલ ઈલ્મે ઉબ્કુરહો બકરન "**.

મૌ. મોહંમદુલ બાકિર (અ.સ.) ના ઝમાનાના ઓલમાએ ફિકહનું ઈલ્મ, હલાલ-હરામનું ઈલ્મ આપથી લીધું છે. તે ઈલ્મની સચ્ચાઈ અને સનદ આજ દિન તક ખાસો આમમાં ચાલતી આવેલી છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અહલેબૈત માંથી પહેલામાં પહેલા તન્ઝીલ-તાવીલનું ઈલ્મ, કુરઆને કરીમના તમામ ઊલૂમની ઝલક અને તફસીર, દીને હક્કના હલાલો હરામની હકીકતની નહેરોં આપ મૌલાએ જારી કીધી છે. આપના ઝમાનાના મોટા મોટા આલિમો આપના નઝદીક બચ્ચાઓની

(બકીયાહ પેજ નં. ૬ પર)

સાચું બોલવું કડવું છે.

ઝિંદગી કા કામિયાબ સફર બહેનોં કે લીયે

મૈં સુબ્હ-સવેરે ઉઠતે હી અલ્લાહ કી ઇબાદત કરતી હૂં,
ઔર પઢકે નમાઝે વક્તે સહર, દુઆં કી તિલાવત કરતી હૂં.

ઇસાર, મોહબ્બત, ખુલ્કો વફા, ખન્દાપ્રૂઇ શૈવા હે મેરા,
અલ્લાહ બસ ઇસ તદબીર સે મૈં, ઘરભર પે હુકૂમત કરતી હૂં.

શૌહર કી મોહબ્બત રાહતે જાં, ઔલાદ હે આઁખોં કી ઠંડક,
યૂં ગમઝદએ દિલ કો અપને, ફિરદૌસી મસર્રત કરતી હૂં.

શૌહર ને જો નાફરમાની કી, અલ્લાહ કી અપને મૌલા કી,
ફિર ઉનસે ખફા હો જાતી હૂં, મૈં યે ભી જસારત કરતી હૂં.

બેટી હું મૈં હવ્વા કી લગઝિશ હરએક કદમ પર હોતી હે,
લેકિન મૈં ખતાઓ પર અપની, તૌબાઓ નદામત કરતી હૂં.

ઇસ્લામ કી હર તહેઝીબ કો મૈં, સીને સે લગાએ રખતી હૂં,
તહેઝીબે નૌ કી લાઅનત સે, બેઝાર હૂં નફરત કરતી હૂં.

મૈં ઔરત હો કર બેપડદા, સડકોં પે ફિરું તૌબા-તૌબા,
ઇસ શૈતાની આઅમાલ પે લાખોં બાર મૈં લાઅનત કરતી હૂં.

સરમાયા હે અપના શરમો હયા, કાફી હે મુઝે મરયમ-ઝહરા,
મૈં ઉનસે મોહબ્બત કરતી હૂં, મૈં ઉનકી ઇતાઅત કરતી હૂં.

જબ દાઅવત કા ફરમાં હો કોઈ, તાઅઝીમ સે આગે બઢના હે,
ઇસ મેં હે ભલાઈ હમ સબકી, એઅલાને હકીકત કરતી હૂં.

તૈયેબ-ઝિયા માઝૂં શાદ રહે, ઔર ઝુંબા ભી આબાદ રહે,
અલવી જો કહે માનો ઉસકો, મૈં સબકો નસીહત કરતી હૂં. ✯

તવલ્લા એક તસ્બીહ મુજબ છે કે જેના દાણા અઈમ્મત અને દોઆતે હક્ક છે. આ તમામને એક સિલસિલામાં સાબિત રાખવા તેમના દરમિયાન નસ્સનો મઝબૂત દોરો છે.

આઝમાઈશ

૯ માં ફાતેમી ઈમામ મૌલાના અહમદિલ મસ્તૂર (અ.સ.) ફરમાવે છે કે, અય મારા ભાઈ, ખબરદાર! દુનિયાની આ તમામ ચીઝો-ઊમૂર ફિરતી દૌલતો છે. તે ઝમાનાઓથી ઝમાનાઓ તક, એક ઉમ્મતથી બીજી ઉમ્મત તક, એક શહેરથી બીજા શહેર તક ફિરા કરે છે. હર એક દૌલતનો જે મુકર્રર વક્ત હોય છે વહાઁ તક તેના માલિક પાસે રહે છે, પછી તેનો માલિક બદલાઈ જાય છે. તેમાં ઓછપ-ઝિયાદતી, ઉતાર-ચઢાવ ચાલા કરે છે, જેમ રાત પછી દિન અને દિન પછી રાત આવા કરે છે અને તેમાં પણ કમી-વધારો થાયા કરે છે. આ જ મુજબ ખૈરના લોગો અને શરના લોગોની દૌલત એક બાદ બીજા ઝરીઆથી આવતી-જાતી રહે છે. ખૈર વધે તો શર ઘટે અને શર વધે તો ખૈર ઘટે, આ મિસિલ દુનિયાના ચક્કરો ચાલા કરે છે, જે ઈલ્મવાલા લોગો ખૂબ સમઝે છે.

એક દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મક્કામાં કાઅબતુલ્લાહની દીવાલને તકીયો લગાવીને બેસા હતા, તે અરસામાં કાફિરો-કુરૈશીઓના ઝુલ્મો સિતમનો દૌર-દૌરો હતો. આપના અસ્હાબ માંથી એકે અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ! કિવારે હમેં આ ઝુલ્મથી છુટીશું? આપનો ચહેરો આ સાંભલીને લાલ થઈ ગયો અને ફરમાવું કે, બસ! તમને ઝરાસી તકલીફ પર આ શિકાયતની નૌબત પહોંચી. અરે! તમારા પહેલા અંબિયા અને મુખ્લેસીન-મુમેનીનને દુશ્મનોંએ આરીથી ચીરી નાંખા છે અને તેઓએ ઝર્રા પણ ઉફ નથી કહ્યું. ફકત ઝબાનથી "આમન્ના" કહેવું કે હમેં ઈમાન લાવા તે કાફી નથી. બલકે, સાચા મુમેનીનને સખ્ત આઝમાઈશનો સામનો હર વક્ત રહે છે. જન્નતમાં દાખિલ કરતા પહેલા મુજાહિદ કૌન જે જેહાદ કરે અને સાબિર કૌન જે સબર કરે તેની અલ્લાહ તપાસ કરશે. ઈરશાદે ઈલાહી છે કે, "મૌત પહેલા તમેં મૌતને જોવાની તમન્ના કરતા હતા, તો લો! હવે તો તમેં મૌતને તમારી આઁખોથી જોઈ લીધી." યાદ રહે કે, **કુરઆનમાં મૌત તે મૌ. અલીનું નામ છે.** આ મૌત (અલી) ની મુલાકાત વાસ્તે બહાદુરો તમન્ના કરતા અને જે વક્ત જંગમાં મૌ. અલી તેના સામે આવતા તો તેને માઅલૂમ થઈ જાતું કે, અલી કેવા છે અને આપના હાથથી હલાક થઈ જાતા. ✯

સાચા લોગો મઝલૂમ બનીને રહે છે.

સૈયેદતો નિસાઈલ આલમીન મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ની ઝિક્ર

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, કેયામતના દિન અર્શના નીચે નિદા કરનાર નિદા કરશે કે, "અય લોગો! તમેં સઘલા તમારી આંખોંને નીચી કરો કેમકે માઁ ફાતેમા ઝહરા જન્નતમાં દાખિલ થાય છે." માઁ ફાતેમાને ચારે તરફ ૭૦ હઝાર હુરૂલઈન હશે, જે વક્ત માઁ ફાતેમા જન્નતમાં પોતાની હવેલીના દરવાઝા પર આવશે. આ હંગામમાં આપ આપના ફરઝંદ મૌ. હસનને જોશે જે દરવાઝા પર ઊભેલા છે, તે પછી મૌ. હુસૈનને જોશે કે આપનું જિસ્મ મુબારક અને સર મુબારક જુદા છે, તેમાંથી ખૂન જારી છે, બેશુમાર ઝખ્મોંથી જિસ્મ ચૂર-ચૂર થઈને પડેલું છે. આ જોઈને માઁ ફાતેમા, મૌ. હસનને પૂછશે કે, આ કૌન શખ્સ સુતેલા છે, મૌ. હસન કહેશે કે, અય માઁ! આ મારા ભાઈ હુસૈન છે, જેને નાનાજી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઉમ્મતના લોગોએ જફા-ઝુલ્મથી કત્લ કીધા છે. તે વક્ત મુનાદી નિદા કરશે કે, અય ફાતેમા ! આપના બાવાજી સાહેબની ઉમ્મતે જે બદ કામ કીધું છે તેની તાઅઝીયત દેવા વાસ્તે આપને આ મંઝર બતાવવામાં આવો છે. આપના નૂરે નઝર હુસૈનની તાઅઝીયતમાં એમ મુકર્રર થયું છે કે, **જહાઁ તક આપ, આપના ફરઝંદો અને આપના શીઆ ખોલસા જન્નતમાં નહીં દાખિલ થાય વહાઁ તક ખુદાતઆલા કોઈ શખ્સનો હિસાબ નહીં કરે.**

મૌ. જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) થી રિવાયત છે કે, જે વક્ત નબી સાહેબ માઁ ફાતેમાના ઘર પર પધારા તે વક્ત આપે ફરમાવું કે, અય ફાતેમા! જે થાલ તમેં ત્યાં મુકેલું છે તે મારા નઝદીક લાવો. ફાતેમા જે વક્ત તે થાલ લઈ આવા અને તેના પરથી રેશમી ચાદર હટાવી તો આપ જોઈ છે શું કે તેમાં તો ગરમા ગરમ મલીદો ભરેલો છે. નબી સાહેબે ફરમાવું કે, મારા અહલે બૈતને બોલાવો. આપે તે થાલ માંથી પહેલે મૌ. અલીને, તે બાદ માઁ ફાતેમાને અને હસન-હુસૈનને મલીદો આપો. માઁ ફાતેમા આપના ઘરની આ કરામત જોઈને ખૂબ ખુશ થયા. ૧૩ અય્યામ તક તે થાલ હુજરએ ફાતેમામાં બાકી રહ્યું. અહલે બૈતના સઘલા અસ્હાબ તેમાંથી રોઝ જમતા હતા અને એટલી તો બરકત થાતી કે મલીદો કમ થાતો જ ન હતો. જમા બાદ પૂરા દિન ભૂખ લાગતી ન હતી. તે થાલ માંથી એક દિન મૌ. હુસૈન થોડો મલીદો લઈને ઘરથી બાહર નિકલા કે, આપની મુલાકાત ઉમ્મે અયમન સાથે થઈ. ઉમ્મે અયમને સવાલ કીધો કે, આ મુજબનો ખુશ્બૂદાર મલીદો તમેં કહાઁથી લાવા ? આપે ફરમાવું કે, **હમેં તો આ મલીદાને ૧૩ અય્યામથી જમીએ છીએ અને હમારા ઘરમાં આ મલીદાના સબબ ઘણી બરકત છે.** આ હકીકત સાંભલીને ઉમ્મે અયમન માઁ ફાતેમાને નઝદીક આવા અને અરઝ કીધી કે, અય સાહેબા! મારા નઝદીક જે કઈ પણ હોય છે તેમાં મેં તમને ભુલા બગૈર શામિલ કરૂં છું પણ આપના ઘરમાં ૧૩ અય્યામથી મલીદાના થાલની આ કૈફીયત છે તેનાથી હું બેખબર છું. શું હું તે શરફને કાબિલ નથી કે આપ મને તે નેઅમતમાં શામિલ કરો? તે બાદ ઉમ્મે અયમનના સખુન સાંભલીને માઁ ફાતેમા ઉઠા અને થાલના નઝદીક લઈ ગયા અને તેમાંથી મલીદાનો એક લુકમો ઉમ્મે અયમનને આપો. તે દિનથી મલીદાની નેઅમત હુજરએ ફાતેમાથી ખત્મ થઈ ગઈ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અય ફાતેમા! જો તમેં તમારા અહલે બૈત સિવાય બીજાને મલીદો જમાડતા નહીં તો કેયામતના દિન તક તે થાલ આપની આલમાં બાકી રહેતું."☆

(પેજ નં. ૪ નું બાકી)

મિસિલ હતા, તે સઘલા આપના નીચે કદમ નઝદીક બેસીને ઈલ્મને શીખતા હતા. કુરઆને કરીમની આયતે શરીફહ છે કે, **" અલ્લાહો આઅલમો હૈસો યજઅલો રિસાલતહૂ"**, યાઅની, અલ્લાહ ખૂબ જાણે છે કે એની રિસાલતને કહાઁ કાઈમ કરે. નબી સાહેબની રિસાલતના ઈલ્મ અને નૂરને કયા ઈમામમાં જમા કરે જેથી દુનિયાના આલિમ તે ઈમામના નઝદીક સરનિગૂં થઈ જાય, હર હુજ્જતમાં ઝુકી જાય અને હર દલીલથી નાકામ થઈ જાય.

આજ તક આપ મૌલાનું બાકિરી નૂર દાઈની શિક્લો સૂરતમાં હમારા દરમિયાન ચમકી રહ્યું છે અને સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની ઝાતે અત્હરથી હમેં તે નૂરથી ફૈઝ ઉઠાવી રહ્યા છે. ☆

હક્કની દાઅવતની બુનિયાદ સચ્ચાઈ પર મબ્ની હોય છે.

âÈ ' ÓÈ

સોફીયા જે. વ્હોરા

સોફીઝ ફીશન

ડીઝાઇનર સલવાર કમીઝ, સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ અને શાદીની જોડીઓ બનાવનાર

સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬

(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

Icon. INTERIORS

લેન્ડ સ્કેપીંગ, કન્સલ્ટીંગ, ડીઝાઇનીંગ અને દરેક જાતના ઇન્ટીરીયર જેવું કે કલરકામ, પી.ઓ.પી., ઇલેક્ટ્રીક દરેક જાતના ફર્નીચર બનાવવા માટે મળો. કોન્ટ્રાકટ લેવામાં આવશે.

બી-૧૦૬, ગુલિસ્તાન એપાર્ટમેન્ટ, તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

શાહિદ સુરતી - ફોન : ૯૧૭૩૪૪૦૦૨૧. ☆

(પેજ નં. ૩ નું બાકી)

નૂરાની ચહેરાવાલા બે સાહેબોને જોયા અને તેઓની હૈબત-રોઅબ મારા પર એવો તારી થયો તે વક્ત ઘડીભર હું જંગના હાલાતને ભુલી ગયો. નબી સાહેબને મેં જે વક્ત આ બિના પૂછી તો આપે મને બતાવું કે, તે બે નૂરાની સાહેબો મૌ. જિબ્રઈલ અને મૌ. મીકાઈલ ફરિશ્તા હતા, જે મુજાહિદોંને જંગમાં મદદ કરી રહ્યા હતા.

હમેં જે ઈમામુઝઝમાન (અ.સ.) ના નામનો વસીલો લઈને નઝરૂલ મકામ માનીએ છીએ તેનો અકીદો આ બયાનથી સાબિત થાય છે. આલે મોહંમદ (સ.અ.) ના હક્કના ઈમામોના ઝિમ્નમાં, હઝરતમાં અને ખિદમતમાં હર ઘડી બેશુમાર ફરિશ્તા હોય છે. કોઈ મુમિન ઈમામુઝઝમાન (અ.સ.) ને પૂરા ઈખ્લાસો યકીનથી પુકારે છે તો હુકમે ઈમામથી ફૌરન ફરિશ્તા તે મુમિનની ઈમ્દાદ પર, તાઈદ અને સહારા પર આવી જાય છે. આ તરહ નઝરૂલ મકામની બરકતથી મુમિનની મુશ્કિલ આસાન થાય છે અને હર ઉકદાનો હલ નિકલી આવે છે. ☆

âÈ ' ÓÈ

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live
Web Designing + Hosting
PGDCA Certificate Course (1 Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

કલામનું ઝોર આવાઝમાં નહીં પણ અલ્ફાઝમાં છુપાયેલું હોય છે.

મકાન વેચવાનું છે

નામ : **ઈસ્માઈલભાઈ બદરૂદ્દીન સોરંગવાલા**

એડ્રેસ : સોરંગવાલા બિલ્ડીંગ, મરકઝે હુસૈની હોલની સામે, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૯૪૨૯૩૧૩૩૨૮. ☆

સાચા કલામ મુખ્તસર પણ મૌકાના હોય છે.

દરસે લેસાને દાઅવત

مكة المكرمة

سيدنا حاتم بن سيدنا إبراهيم صاحبً ذكر كرے چھے كه، مكة شهر نو نام مكة يه سبب سي چھے كه، أ مبارک موضع ما جيم پاني پهاڑ پر سي نيچے پڑي جائي چھے تيم بنده نا گناه پڑي جائي چھے يعني تمام گناه معاف تهئي جائي چھے۔

قرآن مجيد ما مكة نے ﴿حرم أمن﴾ انے ﴿بلد امين﴾ سي ياد كرواما أوو چھے۔ أ سوائے تأريخ ما گهنا بيجا نامو سي أ شهر نے نامزد أوے چھے، جيم كه مكة، بكة، ام القرى، بيت حرام، بلد امين، معاد يا فاران۔

خدا تعالٰى يه أ عالم نے پيدا كيدو انے تهما مكة نے پوتاني عبادة كروانو پهلو گهر بناوو۔ آسمان ما ﴿البيت المعمور﴾ چھے جه نے شرف يه چھے كه تهنا ارد۔گرد فرشتاؤ طواف كرے چھے انے خدا تعالٰى يه مكة ما مولانا أدم صفي اللهّ پر بيت الله نازل كيدا جه نا ارد۔گرد زمين پر لوگو طواف دے چھے۔ مولانا أدم بعد تمام گناہگار بنداؤ پوتانا گناهو نے بخشاووا واسطے بيت الله نا طواف دے چھے انے دعاء كرے چھے۔ أ عمل مولانا أدم نو هتو جه نا پر هميں تمام چاليئے چھے۔

بيت الله نا أ حرم ما أبي قبيس نو پهاڑ چھے جه ني مشابهت ميثاق ساتھے كرواما أوي چھے انے جه نا پر مولانا أدم انے مالاتنا حواء ني قبر مبارک چھے۔ أناسي ثابت تهائي چھے كه أ ايک پهاڑ نو وزن تو سوں، ميثاق تو ايتلو بهاري چھے كه جو حرم نا تمام پهاڑ نے جمع كرواما أوے تو ته ميثاق ني إهميت انے تهنا وزن ني برابري نه كري سكے۔

મક્કતુલ મુકર્રમહ

સૈ. હાતિમ બિન સૈ. ઈબ્રાહીમ (આ.કુ.) ઝિક્ર કરે છે કે, મક્કા શહેરનું નામ મક્કા એ સબબથી છે કે, આ મુબારક મૌઝેઅમાં જેમ પાની પહાડ પરથી નીચે પડી જાય છે તેમ બંદાના ગુનાહ પડી જાય છે યાઅની તમામ ગુનાહ મુઆફ થઈ જાય છે. કુરઆને મજીદમાં મક્કાને "હરમે આમિન" અને "બલદે અમીન" થી યાદ કરવામાં આવું છે. આ સિવાય તારીખમાં ઘણા બીજા નામોથી આ શહેરને નામઝદ કરવામાં આવું છે, જેમકે, મક્કા, બક્કા, ઉમ્મુલ કુરા, બયતે હરામ, બલદે અમીન, મઆદ યા ફારાન.

ખુદાતઆલાએ આ આલમને પૈદા કીધું અને તેમાં મક્કાને પોતાની ઈબાદત કરવાનું પહેલું ઘર બનાવું. આસ્માનમાં "બયતુલ માઅમૂર" છે જેને શરફ એ છે કે તેના ઈર્દ-ગિર્દ ફરિશ્તાઓ તવાફ કરે છે અને ખુદાતઆલાએ

(બકીયાહ પેજ નં. ૧૫૫૨)

કેયામતનો દિન કરીબ હશે તો સાચા લોગોની ગિન્તી ખૂબ કમ થઈ જાશે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૭

-::: હસ્તીએ ઈન્સાનની હકીકત :::-

અય ઈન્સાન! તું તારા ફના થાવાને યાદ રાખજે. તારી ઈબ્તેદા, તારી ઈન્તેહા અને તારી હસ્તીની હકીકતને ન ભુલજે. પહેલા તો તું મનીનો એક કતરો હતો અને નાપાક પાનીની એક માઅમૂલી બુંદમાં કૈદ હતો. આખિરમાં જે વક્ત તુંને મૌત આવી તો તારૂં ખૂબસુરત જિસ્મ ગંદું મુર્દા, ગંધાતું બદન બની ગયું. જેટલું તું જીવો તે દરમિયાન તુંને પૈશાબ-સંડાસના રસ્તેથી નજાસત નિકાલી અને તે જ તારૂં રોઝનું કામ હતું. તો પછી, તું તારી ઝાત પર આટલો ગુરૂર-ઘમંડ શું કામ કરે છે.

એક દિન સુલૈમાન નબી તખ્ત પર બેસીને પોતાની સલ્તનતમાં સૈર કરી રહ્યા હતા. હવાનો ઝોકો જે આપના હુકમને તાબેઅ હતો તે આપને દૂર-દૂર તક લઈ જઈ રહ્યો હતો. આપે લીલા રંગનું ખૂબ બહેતરીન-નફીસ કમીસ પહેરેલું હતું. આપે જે વક્ત આપના તે ભારી રેશમી કમીસ તરફ નઝર કીધી કે તે હવામાં કેવું લહેરાય રહ્યું છે અને શું તેની સફાઈ, બનાવટ અને કારીગરી છે, તો આપ ઘણા ખુશ થયા, મુતઅસ્સિર થયા અને કમીસના સબબ પોતાની ઝાત પર ફખર કરવા લાગા.

ખુદાતઆલાએ એક ઝોરદાર હવાના ઝોકાને મોકલો કે જેએ આપના કમીસને ઊંચે ઉડાવી દીધું. હવા એટલી તો ઝોરદાર હતી કે, આપ આપના કમીસને પકડી પણ ન શકા અને તે આપના બદન પરથી એક ઝટકામાં ઉડી ગયું જેથી આપ ઉરયાન-નંગા થઈ ગયા. આપે જેમ-તેમ કરીને આપની શરમગાહને ઢાંપી અને ખૂબ શરમિંદા થયા. આપે પૂછું કે, અય હવા! તુંએ આ મુજબ મારા સાથે કેમ કીધું? તુંને તો ખુદા તરફથી હુકમ છે કે, તું મારી ફરમાઁબરદારી કરે, મારા હુકમને ઉચકે અને હું જ્યાં ચાહું ત્યાં તું મને લઈ જાય! હવાએ જવાબ આપો કે, હાઁ! અય ખુદાના નબી, આ વાત જે તમેં કહો છો તે બિલકુલ સાચી છે. જ્યાં તક આપના દિલમાં ગુરૂર ન હતો વહાઁ તક હું આપની તાબેએ ફરમાન હતી. **પણ હવે, આપના દિલમાં ગુરૂર દાખિલ થઈ ગયો છે, તો હું આપના હુકમથી બરી છું.** આપ આપના કમીસના સબબ મગરૂર થઈ ગયા છો, એક કમીસના સબબ આપ તેમાં આપની શાન માનો છો, પણ ખુદાને તો મને તે બંદાની ઈતાઅત કરવાનું ફરમાન કીધું છે જેનું દિલ તકબ્બુરી અને ખોટા દેખાવથી ખાલી હોય. દુનિયાની ચીઝો પર નહીં પણ ખુદાની ઈબાદતમાં પોતાની શાનને માને.

સુલૈમાન નબીને ખૂબ પસ્તાવો થયો, નદામત કરવા લાગા અને તે બાદ કોઈ વક્ત આપે રેશમી કપડું પહેરૂં નથી. તે બાદ આપે ખડબચડા ઉની કપડા ઈખ્તિયાર કીધા. હવાએ આપને આ પણ કહ્યું કે, "અય ખુદાના નબી! આપ આપની ઝાત પર આટલા મગરૂર કઈ તરહ થઈ શકો છો કે, આપને ખબર છે કે આપની ઝિંદગી નુત્ફાના એક ઝર્રાથી શુરૂ થઈ જેને આપ આઁખોથી જોઈ પણ નથી શકતા અને તમારી હસ્તી બરકરાર રહે તે વાસ્તે આપ ઝિંદગીભર જમા અને આપે ગંદી નજાસતની શિકલમાં આપના જિસ્મથી કાઢી પણ નાખું અને આખિરકાર જે વક્ત રહેલતનો વક્ત આવો અને આપ આપના જિસ્મથી નાઉમ્મીદ થઈ ગયા તો તે બદબૂદાર જુસ્સો અને મૈયેત બનીને ખત્મ થઈ ગયું. આપ તે ઝિંદગી પર ફખર કરો છો કે, જેમાં આપ આપના જિસ્મના પહેલુંમાં નજાસત લઈને ફિરો છો અને આપ દુનિયામાં આવા તો તે વક્ત પેશાબના રસ્તેથી નિકાલવામાં આવા." ✯

(પેજ નં. ૧ નું બાકી)

સહીહની રાહ પકડીને રાખી. ખુદાતઆલાએ હમને આ રાહ પર ચાલવાની તૌફીકો તાઈદ અતા ફરમાવેલી છે, જેના પર હક્કનો પરચમ લઈને આજે હમારા દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) હમને ચલાવી રહ્યા છે.

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "નમાઝમાં નમાઝીઓથી મુકદમ થાનાર શખ્સ યાઅની નમાઝ પઢાવનાર ઈમામ તમામ માઅમૂમીન-નમાઝીઓની નમાઝનો ઝિમ્મેદાર હોય છે, ઈમામના રૂકૂઅ-સજદા સાથે નમાઝીઓ પોતાના રૂકૂઅ-સજદા કરે છે. **ઈમામના તકબીરતુલ અહેરામથી નમાઝ શુરૂ થાય છે અને સલામ વાલવાથી નમાઝ પૂરી થાય છે.** નમાઝીઓ પોતાની નમાઝને ઈમામને સોંપી દે છે. હવે જો ઈમામ નાપાકીની હાલતમાં નમાઝ પઢાવે, નમાઝમાં કુસૂર કરે અને અરકાને નમાઝ તેના કાનૂન મુજબ અદા ન કરે તો તેના પાછલ નમાઝ પઢનારની નમાઝ પણ ફાસિદ અને કુસૂરવાલી થઈ જાય છે. જો અગર નમાઝીઓ માંથી કોઈ નમાઝના અરકાનમાં કુસૂર કરે છે અને ઈમામની નમાઝ બરાબર હોવાના સબબ તે નમાઝીની ખતા સુધરી જાય છે, કેમકે તેએ પોતાની નમાઝને "મોઅતમ્મન બિલ ઈમામ" કહીને ઈમામને સોંપી હતી. પણ નમાઝીને જોઈએ કે જાણીજોઈને નમાઝમાં ખતા ન કરે." ✯

સચ્ચાઈ સાથે શૈરદિલી હોય છે અને બનાવટ સાથે બુઝદિલી હોય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૬

-::: કેયામતની નિશાનીઓ :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ને કેયામતની નિશાનીઓ, તેનો વહેશતનાક આલમ અને તેની બયાની વાસ્તે આપ ફરમાવે છે કે, લોગોને એકાએક મૌત આવશે, લોગો પોતાના નફ્સ વાસ્તે નહીં પણ પોતાના જિસ્મનું મરઝ દૂર કરવા ઝિયાદહ દૌલત ખર્ચ કરશે, લોગો પોતાની ખરાબ આદતોંના સબબ મૌતને ભેટશે જે એકાએક અને જલ્દી આવનારી મૌત હશે. હક્કના સાચા-સહી ઈલ્મની માઅરેફત ન હોવાના સબબ, તેના મુજબ અમલ ન થાવાના સબબ, હક્કનું ઈલ્મ ઘટશે અને જૂઠા-ગલત ઈલ્મ અને બનાવટી વાતોંના સબબ જેહાલત વધશે. જેમ લોગો પાની પીએ છે અને પોતાની પ્યાસ બુઝાવે છે તેમ શરાબ પીવી અને તેની મહેફિલોં આમ થઈ જાશે, લોગોના ઘર શરાબખાના બની જાશે અને અક્લવાલાઓની શદીદ ખોટ પૈદા થાશે. ઝિના, નિકાહશુદા મરદ-બૈરોના ગૈર જાઈઝ જિન્સી તઅલ્લુકાત, લવાતત-મરદના મરદ સાથે અને બૈરોના બૈરો સાથે ગૈર કુદરતી તઅલ્લુકાત વધશે અને તેનાથી થાનારી ગૈર જાઈઝ ઔલાદ ઝિનાઝાદા વધશે. જેમ જેમ ઝમાનો ગુઝરશે તેમ મરદોની તાઅદાદ ઓછી થાશે અને બૈરોની તાઅદાદમાં વધારો થાશે. **હર જગા દુનિયાદારોં, દુનિયા પરસ્તોં અને દુનિયાના આશિકોની બોલબાલા હશે** જેથી નમાઝને ઝાયેઅ કરવામાં આવશે અને બીજા ગૈર ઝરૂરી કામોંને નમાઝના વક્તોં પર કરવામાં આવશે. નમાઝ હર ચીઝ કરતા આગલ છે અને હર ચીઝ પર ભારી છે મગર તેને હલકી અને ગૈર-ફાયદામંદ ચીઝ સમઝી લેવામાં આવશે. શહેવત અને હવસખોરી પર લોગો લાગી જાશે. પરહેઝગારી ફક્ત લોગોના ચહેરાઓ પર હશે પણ તેઓના આઅમાલ શયતાનીયતથી ભરેલા હશે. આના સબબ હરામ-ખોરી અને તમાશ-ખોરીના બાઝાર ગરમ હશે.

કોઈ પણ શખ્સની તાકતનો તેની દૌલતથી કિયાસ કાઢવામાં આવશે. લોગો પાસે દૌલત મોટી તાકત બનશે અને ગરીબી મોટી મુસીબત બનશે. ગલત રાહથી માલ જમા કરનાર માલદારોંની લોગો ઈઝઝત કરશે અને મઝદૂરી કરીને હલાલની રોઝી કમાઈને પેટ ભરનાર દીનદારોંની લોગો બેઈઝઝતી કરશે. ફાસિક-ફાજિર માલદાર શખ્સ લોગોનો સરદાર બનશે અને આલિમ-ગરીબ દીનદારની લોગો મઝાક ઉડાવશે. યહાઁ તક કે, દુનિયા વાસ્તે લોગો દીનને વહેંચી દેશે. દુનિયા કમાવવા અને પોતાની ઝાતી ખ્વાહેશાતને પૂરી કરવા લોગો દીન બદલી નાંખશે, બાતિલની રંગીનીમાં અંજાઈને હક્કને ખોઈ નાંખશે. **આવા હાલાત જોઈને મુમિનનું દિલ પિગલી જાશે, જેમ નમક પાનીમાં પિગલી જાય છે.** આ આલમ જોઈને મુમિનને કેટલો સદમો થાશે કે, દુનિયાની દૌલત-રાહત હાસિલ કરવાની નાની જેવી કીમત વાસ્તે લોગો હક્કના દીનને છોડી દેશે. શું તેઓના દિલ એટલા સખ્ત પત્થર જેવા થઈ ગયા હશે કે, તેઓને ખુદાના અઝાબનો ઝરા પણ ખૌફ નહીં હોય! ઈમામે હક્ક તેઓ સામે મૌજૂદ હશે, તેના બાવુજૂદ તેઓને ઈમામની માઅરેફત કરવાનો ઝરા પણ હોંશ નહીં હોય! તેઓ આઁખોથી જોતા હશે, ઝહેનથી ખયાલ કરતા હશે તો પણ ખુદાનો ખૌફ રાખનાર બંદાઓની સાદગી અને સચ્ચાઈ જોઈને હક્કના લોગો સાથે જોડાઈ જાવાનો તેઓના ખૂનમાં ઝરા પણ જોશ નહીં હોય! અફસોસ કે, તેઓની આઁખો પર ગુમ્રાહીના પડદા પડી ગયા હશે, દિલોં પર બાતિલના ઢાંકણ દેવાઈ ગયા હશે અને તેઓના આઅમાલ પર ઈબ્લીસ કબ્ઝો કરીને બેસી ગયો હશે. તો પછી તેઓને ખુદાનો સીધો રસ્તો-સિરાતે મુસ્તકીમ કઈ તરહ નઝર આવે! ✯

જુમ્આના દિનની ફઝીલત

ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ ફરમાવું કે, જુમ્આની રાત, તમામ બીજી રાતોની રઇસ છે અને તેનો દિન તમામ દિનો કરતા રૌશન છે. મુમિન બંદો યા મુમેના બૈરો અગર જુમ્આની રાતે ગુઝરી જાય તો અલ્લાહતઆલા તેને કબરના અઝાબથી આઝાદ કરી દે છે. જુમ્આના દિન ઝવાલ તક નાફેલત અને દીગર નમાઝ પઢવાની રૂખસત આવેલી છે, કેમકે જહન્નમ તે વક્ત સીલગાવવામાં આવતી નથી. આપ એમ પણ ફરમાવે છે કે, જુમ્આના દિનનો ગુસ્લ મુકવો ન જોઇએ કેમકે તે સુન્નતમાં શુમાર છે. તે ગુસ્લ આમ તૌર પર ઝવાલ પહેલા કરવો જોઇએ. જુમ્આના દિન ઇતર લગાવવામાં રગબત આવેલી છે. નેક ફાખિર-નૂરાની લિબાસ પહેરવો ઘણો જ પસંદીદાહ છે. ✯

કુરઆને કરીમમાં " મુમેનીન " નો લકબ " સાદેકીન " છે યાઅની સાચું બોલનાર.

ગુલશને ફિકહ : શરીઅતનું હલાલ-હરામ

ઈમામત કિસ્ત-૮

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત છે કે, એક દિન અહલે ઝાહિર લોગોના સાનીએ મદીનાના લોગોને મસ્જિદમાં ફજરની નમાઝ પઢાવી. નમાઝ પૂરી કરીને એ લોગોમાં બેસો અને તમામને મુતવજ્જેહ થઈને કહેવા લાગો કે, અય લોગો! મેં તમને ફજરની નમાઝ પઢાવી મગર આ હાલતમાં કે મેં જનાબતદાર છું. રાતે મેં મારા બૈરો સાથે મુકારેબત કીધી અને ગુસ્લ કરતા ભુલી ગયો અને હમણા મને યાદ આવું કે, જનાબતથી પાક થયા બગૈર જ મેં તમને નમાઝ પઢાવી છે. લોગો પુકારી ઉઠા કે, અય સાની, તુંએ આ મુજબ ખતા કીધી છે તો પછી હમારી નમાઝ, હમારા અમલ મુતઅલ્લિક તારી શું રાય છે? સાની બોલો કે, "મારા ઉપર નમાઝ વાલવું વાજિબ છે અને તમારા પર કઈ નહીં." સાનીનો આ બેહૂદા જવાબ સાંભલીને મૌ. અલી (અ.સ.) પુકારી ઉઠા કે, અય સાની, તારા ઉપર તો વાજિબ છે જ પણ આ તમામ લોગો પર પણ વાજિબ છે કે તેઓ નમાઝને વાલે.

આપ મૌલા ખુદ પણ તે વક્ત મસ્જિદમાં હાઝિર હતા. આપે તેમ ન કહ્યું કે, હમારા પર નમાઝ વાલવી વાજિબ છે. પણ કહ્યું કે, લોગો પર વાજિબ છે. આપે ખુદને લોગોથી અલગ કરી દીધા. ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપ તકીયતન મસ્જિદમાં નમાઝ પઢવા જાતા હતા. આપ તો હક્કના સાહેબ હતા, લેહાઝા આપને બાતિલના લોગોની ઈમામતથી શું સરોકાર! આપ ખુદ માલિકે શરીઅત અને મુખ્તારે દીને હક્ક હતા. **આપ મૌલા ખુદમાં એક ઉમ્મત હતા.** આપ પોતાની નમાઝ ખુદ પઢતા હતા. જે લોગોના નમાઝ પઢાવનાર નાપાકીની હાલતમાં નમાઝ પઢાવે તે લોગોની પાકી, તહારત અને ચોખ્ખાઈનો તો પછી સવાલ જ ઊભો થાતો નથી! આપે ઝાહિરી ખિલાફત પર આવતા પહેલા ગોશાનશીની ઈખ્તિયાર કીધી તે વક્તમાં આપને બરાબર ખબર હતી કે, આપનો હક્ક ગસબ કરનાર આપના મુખાલિફોના શું કરતૂતો છે, કઈ તરહ તે લોગોની ઉમ્મત પર સરદારી કરવાની અહલીયત છે, શરીઅત વાસ્તે તેઓને પાસે કેવી ઈલ્મીયત છે? તે લોગોના હાથ પર શરીઅતના હલાલ-હરામનો નકશો બિગડી ન જાય તે વાસ્તે આપે ડગલે ને પગલે ખૂબ મશક્કત ઉચકીને આપના શીયાઓ દરમિયાન આપે અમલે સાલેહ અને ઈલ્મે

(બકીયાહ પેજ નં. ૨ પર)

(પેજ નં. ૧૨ નું બાકી)

દોઆ પઢીને મસહ કીધી, **તો આપના હાથની બરકતથી બેવે ફરઝંદો ઝિંદા થઈ ગયા.** બેવે પોતાની જગા પરથી ઊભા થઈ ગયા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કદમ મુબારકમાં પડી કદમબોસ થયા. આ શાન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હતી કે, આપના હાથ પર જાબિરના ફરઝંદો ઝિંદા થયા અને તે જાબિરની ખુશી અને શુક્રગુઝારીનો સબબ બના. જાબિરે પુરજોશીથી નબી સાહેબ (સ.અ.વ.વ.) ની ખિદમત કીધી અને બેવે ફરઝંદો ઝિયાફતના આખિર તક આપના સાથે રહ્યા.

હર ઝમાનમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આ શાનના વારિસ, મુમેનીનના વલી એક દાઈની હસ્તીમાં મૌજૂદ હોય છે, જે હઝારો મુમેનીનને પાક ઝિંદગી અતા કરે છે. **નફ્સો જાનને નૂર બખ્શે છે.** બીમારોને શિફા અતા કરે છે. મુમેનીન-મુખ્લેસીનને એ શૌક હોય છે કે, પોતાના મૌલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) તેમના ઘર પર પધારે તાકે ખુદાની નેઅમતોં આપ મૌલાની ખિદમતમાં પૈશ કરે. આ ખિદમત ફક્ત એક સાહેબની નથી પણ તે તમામ હક્કના સાહેબોની છે કે જેઓ આ હક્કની મસ્નદને નૂર બખ્શી ગયા છે અને કેયામત તક બખ્શનાર છે.

આ હિકાયતથી સાબિત થયું કે, ખુદાના વલીઓ મુમેનીનની કોઈ પણ વાતથી બેખબર નથી હોતા. કોઈ મુમિન અઝમત અને હુરમત વાસ્તે કોઈ ચીઝ છુપાવે તો મૌલા તેને ગૈબથી જાણી લે છે. હમેશા મુમેનીનની મસીહાઈ અને મુશ્કિલકુશાઈ કરે છે, મુમેનીનની ખુશીમાં ખુશ રહે છે. ખુદાએ મૌલાને જે શાન, ઈઝઝત અને કરામત બખ્શેલી હોય છે તે મુમેનીનમાં ઝાહિર કરે છે મુનાસિબ વક્ત ઉપર, જેથી મુમેનીનમાં ઈમાન અને એતેકાદ મઝબૂત થાય, બસીરતની રોશની ઝિયાદહ થાય અને તેના સબબ ખુદાના વલીની વલાયત અને ખિદમત કરવામાં મુમેનીન હોશમંદ થાય, ઝૌકો શૌક તેઓમાં પૈદા થાય. ખુદાતઆલા હક્કના દાઈને અને આપના મુમેનીનને હર વક્ત સલામત રાખે. આમીન. ✯

સાચા લોગો સાદગીને પસંદ કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો નાદિર મોઅજિઝો

ખુદાતઆલાએ કુરઆને મજીદમાં અંબિયા-રસૂલોના કિસ્સાઓ બયાન ફરમાવેલા છે. લોગો આ કિસ્સાઓને એક આમ કહાની ન સમઝે તે વાસ્તે ખુદાએ મુખ્તલિફ આયતો નાઝિલ ફરમાવેલી છે, જેમાં આ કિસ્સાઓની એહમીયત સમઝાવવામાં આવી છે. હર ઝમાનામાં લોગો આ કિસ્સાઓથી ઈબરત હાસિલ કરી શકશે, ફાયદો ઉઠાવી શકશે તેની તફસીલ સાથે બયાની કરવામાં આવી છે. અંબિયાએ કિરામના કિસ્સાઓ, હિકાયતો અને મોઅજિઝાઓ એક હકીકત છે, મુમેનીનની ઝિંદગી વાસ્તે રોશની છે, ભટકાયેલા વાસ્તે હિદાયત છે. મુમેનીનની ઝિંદગીના હર પહેલૂ સાથે આ કિસ્સાઓ ગહેરો તઅલ્લુક રાખે છે. જે દિનમાં મુમિન આલે મોહંમદ અને દોઆત (સ.અ.) ની ખિદમત કરશે, ઝિક્રને સાંભલશે તો ઝરૂર તે દિનના સબબ મુમિનની ઝિંદગીના અય્યામ મુબારક થાશે અને જે રાતમાં મુમિન પોતાના બચ્ચાઓ દરમિયાન અંબિયાના મોઅજિઝાત અને હિકાયતો બયાન કરશે તો તે આદતના સબબ મુમિનની રાતોં નૂરાની થાશે.

મોઅજિઝો :

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને એક દિન મૌ. જાબિર બિન અબ્દિલ્લાહ અલ-અન્સારી (રિ.અ.) એ ઝિયાફત અરઝ કીધી. ઝિયાફતના જમન વાસ્તે એક બકરી ઝબેહ કીધી. તે વક્ત જાબિરના જે બે દીકરાઓ હતા તેમાંથી એક ફરઝંદે બકરી કેમ ઝબેહ થાય છે તે જોઈ લીધું. તે બાદ બેવે ભાઈઓ રમવા લાગા. રમતાં રમતાં એક ભાઈએ પોતાના ભાઈના હાથ-પગ બાંધી જેમ બકરીને ઝબેહ કરતા જોઈ હતી તેમ તેના ભાઈને ઝબેહ કરી નાંખો. હવે જે વક્ત તેએ જોયું કે આ મુજબ ઝબેહ કરવાથી ભાઈ મરી ગયો છે તો ડરના સબબ તેએ પણ પોતાના ગલા પર છુરી ફિરાવી દીધી અને મરી ગયો.

જાબિર અને એના બૈરોએ જોયું કે, પોતાના બેવે દીકરાઓ આ મુજબ ગુઝરી ગયા છે, તો એ બેવેના ગમની કોઈ ઈન્તેહા ન રહી. બેવેએ ખૂબ આહોઝારી કીધી, દિલ પર ભારી સદમો થયો અને રંજીદગીના દરિયામાં ગરક થઈ ગયા. સાથે સાથે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ઘરે જમવા પધારનાર છે તેની ખુશી પણ હતી. મરદ-બૈરો બેવેએ આપસમાં વિચાર કીધો કે, ખુદાતઆલાની મરઝીથી જે બનનાર હતું તે બની ગયું, પણ હમેં નબી સાહેબની પધરામણીના મૌકા પર આ વાતને હાલ પુરતી છુપાવી રાખીએ જેથી આપની તાઅઝીમો તકરીમ બરાબર ખુશી-ખુશી થાય. તેઓએ બેવે ફરઝંદોના લાશાને એવી જગા પર ઢાંપી દીધા જ્યાં કોઈની નઝર ન જાય અને કોઈ આ વાતને જાણી ન શકે.

ઝિયાફતના વક્ત પર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જાબિરના ઘર પર પધારા, આપના સાથે મૌ. અલી, મૌ. હસન અને મૌ. હુસૈન (અ.સ.) પણ છે. સાથે કેટલાંક અસ્હાબે ખાસ છે, સઘલા ખૂબ ખુશ છે. જાબિર અને એના બૈરો બાખુશી નબી સાહેબની તકરીમો તાઅઝીમ કરી રહ્યા છે. આ હંગામમાં જાબિરે નબી સાહેબની ખિદમતમાં જમવાનું થાલ લાવીને મુકું. તે વક્ત આપ ફરમાવે છે કે, **અય જાબિર, તમારા ફરઝંદો દેખાતા નથી! બેવેને બોલાવો, આ મારા હસન-હુસૈન સાથે બેસીને હમારા સાથે જમશે.** જાબિરે લડખડાતી ઝબાનથી ઉઝર પૈશ કીધો કે, સાહેબ, હમણા એ બેવે સુતેલા છે, આપ પહેલા જમન જમીએ. જાબિરની નિય્યત જૂઠ બોલવાની હરગિઝ ન હતી પણ ફક્ત એ જ કે નબી સાહેબની ઝિયાફત અને આપની ખિદમતમાં કોઈ ખલલ ન પડે તે વાસ્તે જાબિરે વાતને છુપાવી.

જાબિરે જોયું કે, નબી સાહેબ જમન તનાવુલ કરતા નથી અને પોતાનો હાથ રોકી રાખો છે. તે વક્ત જાબિરથી સબર ન થયો અને આપ રોવા લાગા. નબી સાહેબને નઝદીક આવીને ફજેરે જે કઈ બેવે ફરઝંદોનો વાકેઓ બનો હતો તેની હકીકત નબી સાહેબને કહી દીધી. જાબિરના ઘર પર અને તમામ અસ્હાબના દરમિયાન અહલુલ બૈતની હાઝિરીમાં આપ નુબૂવતની શાન ઝાહિર કરે છે. નબી સાહેબ આપના પહેલા ગુઝરી ચુકેલા બધા જ અંબિયાના મોઅજિઝાના મજમૂઆ હતા. આપમાં તમામ અંબિયાનો જલ્વો નુમાયા હતો. જાબિર નબી સાહેબને તે જગા પર લઈ ગયા જ્યાં બેવે ફરઝંદોના લાશા મુકેલા હતા. આપે બેવે પરથી ઢાંકેલી ચાદર હટાવી અને આપના દસ્તે મુબારકથી બેવે ફરઝંદોના બેજાન જિસ્મ પર અને જુદા થઈ ગયેલી ગરદનોં પર

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

બચ્ચાઓને કોઈ ચીઝ શીખાવો તો સાચું બોલવાની આદત શીખાવો.

૨૭ માં દાઇએ મુત્લક

સૈયદના બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) – કિસ્ત - ૧

૨૬ માં દાઈએ મુત્લક સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. અજબશાહ (ક.રૂ.) ના બાદ અહમદાબાદમાં આપના હમનામ, આપના મન્સૂસ સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ મુલ્કે દાઅવતના સુલ્તાન થયા. કુરઆને કરીમમાં આયતે શરીફહ છે કે, **ઈન્ના જઅલનાકા ખલીફતન ફિલ અર્ઝ**, યાઅની, અય દાઉદ! હમેં તમને ઝમીનમાં ખલીફા બનાવીએ છીએ. આ માઅના આપ મૌલા વાસ્તે ઝાહિર થઈ અને આપના હાથ પર દીને હક્કના અરકાન અને પરચમ બલંદ થયા. હિન્દુસ્તાની દોઆતમાં આપ ચોથા દાઈ છો, જેની વિલાદત હિન્દમાં થઈ અને આપ ઈલ્મને હાસિલ કરવા યમન પધારા. દોઆતે મુત્લકીનના સિલસિલામાં આપ ૨૭ માં મૌલા છો, જેની બરકાત અને સઆદતના સબબ આજે ગુલિસ્તાને દાઅવતે હક્ક આબાદ શાદ છે. આપને હક્કના દાઈ માનવાના સબબ અને આપના બાદ આપના મન્સૂસની તાઅત અને તે બાદ સૈયેદના અલી સાહબ (આ.કુ.) થી હમણા તક તમામ દોઆતે અલવીયીનના ઈકરારથી **આજે હમેં દુનિયામાં અલવી બોહરા કૌમથી માઅરૂફો મશ્હૂર છીએ.** સૈ. દાઉદ સાહેબથી હમેં દાઉદી છીએ અને સૈ. અલી સાહેબથી હમેં અલવી છીએ. હક્કની જમાઅત હમેં છીએ, લેહાઝા હક્કના નૂરમાં કોઈ વક્ત તફરેકો પડતો નથી અને ગૈર લોગો જેઓને હક્કનું નૂર નસીબ નથી થયું તેમાં વક્ત ગુઝરતા તફરેકો અને જુદાઈ થાયા કરે છે. દુનિયાવી ઈક્તેદાર અને માલો મતાઅ વાસ્તે ઝઘડાઓ થાયા કરે છે.

આપ મૌલાના બાવાજી સાહેબનું પૂરૂં નામ કુતુબશાહ બિન ખ્વાજા બિન અલી બિન યૂનુસ છે. આપની વિલાદત ૨૩ મી રબીઉલ અવ્વલ ૯૪૬ હિ. જુમેરાતના દિન થઈ. આપના માઁ સાહેબા ઈજલ ગૌરી બિન્તે અલી અલ-જૌહરી છે. આપ કુરઆને કરીમના હાફેઝહ હતા અને અખ્લાકે કરીમહના સાહેબહ હતા. આપના માઁએ આપની પરવરિશ પાકીઝગી અને પરહેઝગારી પર કીધી. આપ મૌલા ઘણી જ નાની ઉંમરમાં કિતાબુલ્લાહના હાફિઝ અને કારી થયા. આપે ખૂબ જલ્દીથી ફારસી અને અરબી ઝબાન પર પુખ્તગી હાસિલ કીધી. આપના ઘરનો માહૌલ જ એવો હતો કે, આપ આપના વાલેદૈનની નસીહતના માતહત દિન-રાત ઈલ્મે હક્કને હાસિલ કરવામાં ગુઝારતા હતા. મૌલાઈ મીયા રાજ બિન જાઅફર જે આપના ઝમાનમાં આલિમ-ફાઝિલ સાહેબ હતા તે આપને જોઈને ફરમાવતા હતા કે, **"અય દાઉદ! ઝરૂર તમેં દુનિયામાં પણ સઆદતવાલા છો અને આખેરતમાં પણ, આપને આ સઆદતની નસ્સ મૌલા ઈબ્ને અજબશાહથી ઈનાયત થયેલી છે."** આપે મૌલાઈ શમઊન બિન જાઅફરથી દાઅવતની ઈબ્તેદાઈ તાઅલીમ હાસિલ કીધી છે, જેમાં અખ્બારના કિતાબ કિતાબુલ અઝહાર તક આપ પહોંચા છે. તે બાદ ૧૫ સાલની કલીલ ઉંમરે આપ મફસૂહીયત-હદીયતના શરફને પાયા યાઅની આપને ઈમામતની નમાઝ પઢાવવાની રઝા અતા થઈ. આ જ અરસામાં ઘણા કમ વક્તમાં આપના માઁ સાહેબા, આપના બૈરો અને આપના બાવાજી સાહેબ કુતુબશાહ વફાત થયા જેઓ કુરઆને કરીમના હાફિઝ હતા. આપ મૌલાએ આ ગમનાક વાકેઆઓ પર ખુદાની કઝા પર રાઝી રહીને સબર અને શુક્ર સાથે કામ લીધું.

આપ મૌલાની ઉંમર જે વક્ત ૨૧ સાલની હતી તો આપ હજ્જે બયતુલ્લાહ તશરીફ લઈ ગયા અને વહાઁથી ૨૪ માં દાઈએ મુત્લક સૈ. યૂસુફ નજમુદ્દીન સાહેબ (આ.કુ.) ની હઝરતે નજમીયહમાં કદમબોસી વાસ્તે પધારા. એક અરસાએ દરાઝ તક આપ દાઈયુઝઝમાનના સાયએ હિદાયતમાં રહ્યા અને ઊલૂમે આલે મોહંમદને હાસિલ કીધા. દાઈએ હક્કની રઝા લઈને આપ હિન્દુસ્તાન પધારા અને સૈ. જલાલ સાહેબને માતહત દાઅવતે હાદીયહની ખિદમત પર સાબિત રહ્યા. યહાઁ તાલિબે ઈલ્મોને આપ દાઅવતના હર શોઅબાનું ઈલ્મ પઢાવતા અને આવનાર ઝમાન વાસ્તે હિકમતો અમલથી તૈયાર કરતા. સૈ. જલાલ સાહેબ (આ.કુ.) આપને જોઈને બેસાખ્તા ફરમાવતા કે, **"આ નૌજવાન, આ શબાબ આલે મોહંમદના લાઝવાલ ખઝાનાના જેટલા જવાહિર છે તેમાંથી એક જૌહરે આબદાર થાશે."** યાઅની આ કલામની હિકમત એ થઈ કે, આપ મૌલા દોઆતે હક્કની તસ્બીહના દાનામાંથી એક દાના થયા જેનાથી આજે હક્કની અલવી જમાઅતની પહેચાન છે. ☆

એક જૂઠ આગલી તમામ સચ્ચાઈને મિટાવી દે છે.

અખ્બારે તૈયેબીયહ

✳ **શિફા અને મીલાદ :**

ખુદાતઆલાએ તેની દાઅવતે હાદીયહના સરતાજ હુઝૂરે પુરનૂર સૈયેદના વ મૌલાના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની ૮૫ મી સાલગિરહ અને આફતાબે ઈમામત ૨૧ માં ઈમામ મૌલાના તૈયેબ (અ.સ.) ની ૯૧૨ મી મીલાદે અન્વરનો બાબરકત યૌમ નસીબ કીધો. ખુદાના ફઝલો અહેસાન અને મુમેનીનની દોઆઓના અસરથી સૈયેદના સાહેબને હોસ્પિટલ માંથી રેહાઈ બાદ શિફાયાબી હાસિલ થઈ. આપની રેહાઈશગાહ દારૂસ્સલામ પર ૪ થી ૨બીઉલ આખર, શનિવારના દિન મીલાદની મજલિસ મુન્અકિદ થઈ, જેમાં દાઅવતે શરીફહના અસ્હાબ, મુલક્કબ સાહેબ અને ચંદ અંજુમનોના અરાકીન હાઝિર હતા. તમામ આપ મૌલાના નૂરાની ચહેરાના દીદારથી મુશર્રફ થયા અને હઝરતે તૈયેબીયહમાં મીલાદની તહેનીયત અને મુબારકબાદી પૈશ કીધી. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ મુમેનીનને ખિતાબ કરીને ફરમાવું કે, **"જહાઁ તક આ મારા જિસ્મમાં જાન છે વહાઁ તક ખુદા મારાથી આ દાઅવતની ખિદમત કરાવે અને હું મુમેનીનના હક્કમાં દોઆ કરતો રહું."**

મીલાદના સિલસિલામાં મદ્રસએ તૈયેબીયહના બચ્ચાઓએ પણ ઈઝહારે મસર્રત કીધો હતો. જુમ્આના દિન ફજેરે આજવા રોડના નૌનિહાલોએ પુરા મદ્રસાને તરહ-તરહની ચીઝોથી ઝીનત આપી હતી. ખૂબ મહેનતો કોશિશથી મદ્રસાને સજાવો હતો અને પોતાના ઉસ્તાદ સાહેબોને સરપ્રાઈઝ આપી હતી. રાસુલ હુદૂદ સાહેબની હાઝરીમાં મીલાદની ખુશીનું કેક પણ કાપું હતું. હુઝુરેઆલી (ત.ઉ.શ.) ની ઉમ્મીદ હતી કે, મારા મીલાદ પર જમાઅતના બચ્ચાઓ જમા થાય અને ખુશીનું જમન સાથે બેસીને જમે. લેહાઝા, મીલાદના દિન મગરિબ બાદ નૂરાની મસ્જિદમાં મુકાસિર સાહેબની સદારતમાં મજલિસે મસર્રત અને ખત્મુલ કુરઆનની નિશસ્ત થઈ. ૩૫૦ કરતા ઝિયાદહ બચ્ચાઓ હાઝિર હતા. મુકાસિર સાહેબે ફરમાવું કે, **"નૌનિહાલોંની દોઆ અને કુરઆન-ખ્વાનીની બરકતના સબબ ખુદાતઆલાએ બાવાજી સાહેબ મૌલાને શિફાની મંઝિલ બખ્શી અને ઈન્શાઅલ્લાહ આઈંદા અય્યામમાં આપ મૌલા મજલિસો મહેફિલમાં પધારીને તખ્તે તૈયેબીને દોબારહ નૂરાનીદાર કરશે."**

✳ **માઝૂન મૌલાની જદીદ ઓફીસનું ઈફ્તેતાહ :**

દારૂસ્સલામ પર મીલાદની મજલિસમાં બાવાજી સાહેબ મૌલાએ દાઅવતે હાદીયહની નવી વિઝારતના ઈફ્તેતાહે સઈદ વાસ્તે માઝૂન મૌલાને રઝા ઈનાયત ફરમાવી. આપ મૌલાએ ફૂંક મારેલી ચાવી અને પાની બખ્શીને દોઆ ફરમાવી કે, "ખુદા તે હર જગાને કાઈમ રાખે કે જેમાં મુમેનીનના રૂહાની ઊમૂર અંજામ અપાય અને જ્યાં મુમેનીન સાહેબે દાઅવતની મુલાકાત વાસ્તે આવે." આ વિઝારત બદરી મોહલ્લામાં દેવડી મુબારકને બરાબર બાઝૂમાં વાકેઅ છે. મજલિસ બાદ માઝૂન મૌલાએ ઓફીસનું ઈફ્તેતાહ ફરમાવું. આપે ઝિક્ર ફરમાવી કે, "૧૪૦૪ હિ. થી ૧૪૨૧ હિ. તક આપ નૂરાની મસ્જિદને સામે વિઝારત પર બેસતા હતા તે બાદ આપની નિશસ્ત દેવડી મુબારક પર થઈ અને હવેથી આપની મુલાકાત મુમેનીન આ નવી વિઝારત પર કરી શકશે. બે નાયાબ ચીઝો જે વિઝારતમાં મુકવામાં આવી છે તે ૧૦૦ સાલથી પણ કદીમ **સૈયેદના ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) નો મસલ્લો અને પંખો છે.** આ જ નફીસ મસલ્લા પર બેસીને સૈ. ફખરૂદ્દીન મૌલા, સૈ. બદરૂદ્દીન મૌલા અને સૈ. નુરૂદ્દીન મૌલા જૂની મસ્જિદની મહેરાબમાં મુમેનીન વાસ્તે દોઆ ગુઝારી ગયા છે."

☞ ઓફીસનો વક્ત : ફજેરે ૯:૩૦ થી ૧૨:૩૦ અને સાંજે ૩:૩૦ થી ૬:૩૦

ફોન : ૦૨૬૫-૨૫૮૨૩૨૦

☞ મીલાદ અને ઈફ્તેતાહનો વિડીયો, ફોટો આલબમ અને અંગ્રેઝીમાં અખબાર અપની વેબસાઈટ પર મુકવામાં આવા છે.

www. alavibohra.org ✯

અપના ફાતેમી ઈમામો અને અલવી દોઆતો સિદકો સફા અને ઝોહદો વફાના ખમીરા છે.

" ફિકની ગલીઓ, બનાવી ગયા છે વલીઓ "

-::: કીમત :::-

તાઅલીમો તરબીયતની કીમત ખૂબ મોટી હોય છે. તાઅલીમ-યાફતા શખ્સ ઝિયાદહ જાણી શકે છે કે કોઈ જાહિલ-અણપઢ શખ્સને કેટલું નુકસાન થાય છે. તેની મિસાલ એ છે કે, જે વકત કોઈ શખ્સ લોખંડના એક ટુકડાને બાઝારમાં વહેંચે તો એને ખબર છે કે તેની માઅમૂલી કીમત આવશે. જો તે શખ્સ આકિલ હશે તો તે ટુકડાને ઓગાલીને બહેતરીન ઘાટમાં ઘડે, તો ઝરૂર ટુકડા કરતા તો તેની કીમત વધારે જ આવશે. હવે જો તેની અકલ તેઝ હશે તો તે ટુકડાને સિચવા વાસ્તે નાના-નાના હિસ્સા બનાવીને ઘડીયાલીને આપે તો પછી તેની કીમતનું પૂછવું જ શું! આ તમામ ચીઝોમાં લોખંડ તો છે જ મગર જેવી તેની બનાવટ તેવી તેની અહેમીયત, જેવું તેનું ઘડતર તેવી તેની કીમત, જેવું તેનું કામ તેવો તેનો દામ.

તમેં ઈન્સાન છો અને ઈન્સાને બનાવેલા સમાજમાં તમારી પહેચાન એક ઈન્સાનની જ છે. તો કોઈ વકત એમ ન માની લો કે, તમારામાં કંઈ કુદરત નથી, કંઈ આવડત નથી, તમેં નઠારા-નકામા છો. એ માનવું પણ ગલત છે કે, હું કામિલ છું, મારામાં કોઈ ખામી-ઐબ નથી, મારામાં જ તાકત છે, મારામાં જ ખરી લાયકાત અને હુશિયારી છે. પણ એમ ઝરૂર માનજો કે, મારામાં કંઈક છે જે બીજામાં નથી. હું ઈન્સાન છું અને ઈમાનવાલો છું. હું ચાહું છું કે મારામાં તાકત આવે કે જેથી હું બીજાને મદદરૂપ થઈ શકું. હું નકામો ન હોઉં પણ મારા કામથી મારૂં તો ખરૂં પણ બીજાનું ભલું કરવા ચાહું છું. મારી ગિન્તી પણ ભલા ઈન્સાનમાં થાવી જોઈએ.

તો પછી જો તમેં મતલબી નથી, ઘમંડી નથી અને તમારામાં અદબ અને રહેમદિલી ઝલકે છે તો આ દુનિયામાં ઝરૂર તમારી કીમત છે. તમારા વહેવારનો આધાર તમારા વિચાર પર છે. તમારા વિચારો અને તમારા ઊસૂલો પર તમારા મુસ્તકબિલનું ઘડતર થાય છે. તમારા ઉમદા વિચારો, ઉમદા ઊસૂલો અને પરહેઝગારી-ખુદાનો તકવા રાખશો તો તમારો વહેવાર પાકો સાફ અને નૂરાની બનશે. આઅલા વિચારો સામે ખોટા ગુમાનો અને ગુમ્રાહીભરી વાતોં આપોઆપ શમી જાશે. **આ વિચારોને ઝાહિર કરવાનો ઝરીઓ જો મીઠી ઝબાન બને અને તમારા કામિલ અમલ બને તો સોને-પે-સુહાગા જેવી વાત કહેવાય.** ઈન્સાન તેની ઝબાનના નીચે છુપાયેલો છે, લેહાઝા ઈન્સાનની કીમત પણ તેની ઝબાનના અલ્ફાઝથી જ અંકાય છે. સહી વિચાર, સહી ઝબાન અને સહી અમલ જો સાથે મિલી જાય તો તે ઈન્સાનની કીમતનો સવાલ ન થાય પણ તે લાકીમત અને બેમિસાલ બની જાય છે.

(પેજ નં. ૮ નું બાકી)

મક્કામાં મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) પર બયતુલ્લાહ નાઝિલ કીધા જેના ઈર્દ-ગિર્દ ઝમીન પર લોગો તવાફ દે છે. મૌ. આદમ બાદ તમામ ગુનાહગાર બંદાઓ પોતાના ગુનાહોંને બખ્શાવવા વાસ્તે બયતુલ્લાહના તવાફ દે છે અને દોઆ કરે છે. આ અમલ મૌ. આદમનો હતો જેના પર હમેં તમામ ચાલીએ છીએ. બયતુલ્લાહના આ હરમમાં અબી કુબૈસનો પહાડ છે જેની મુશાબેહત મીસાક સાથે કરવામાં આવી છે અને જેના પર મૌ. આદમ અને મૌ. હવ્વાની કબરે મુબારક છે. આનાથી સાબિત થાય છે કે, આ એક પહાડનું વઝન તો શું, મીસાક તો એટલો ભારી છે કે જો હરમના તમામ પહાડને જમાઅ કરવામાં આવે તો તે મીસાકની એહમીયત અને તેના વઝનની બરાબરી ન કરી શકે. ✯

મુશ્કિલ અલ્ફાઝ :

મૌઝેઅ - જગા	હરમે આમિન - અમનો અમાનનું હરમ, દાઅવતે હાદીયહ
યાઅની - મતલબ કે	બલદે અમીન - સુકૂનવાલું શહેર
મુઆફ - મિટી જાવું	મુશાબેહત - સરખામણી
નામઝદ - નામ પાડવું	મીસાક - બયઅત, અહેદ
ઈર્દ-ગિર્દ - આસપાસ	નાઝિલ - ઉતારવું ✯

સચ્ચાઈની રાહ કઠીન તો છે જ પણ આખિરમાં કામિયાબી છે.

Counselling Centre


હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆઓ ના સબબ અને માઝૂનુદ્દાઅવત સૈયેદી સાહેબ (દા.મ.) ના ઝૈરે હિદાયત આજથી તકરીબન બે મહીના પહેલા **Alavi Counselling Team** ને શિકલ આપવામાં આવી. જમાઅત ના નૌનિહાલ બચ્ચાંના દીની-દુનિયાવી મુઆમેલાતની તકલીફો ના હલ-સમઝ વાસ્તે આ ટીમ કામ કરી રહી છે. થોડા અય્યામ પહેલા આજવા રોડ અને બદરી મોહલ્લા ના બચ્ચાઓ વાસ્તે Social Media પર બે સેમિનાર થઈ ચુકા છે. આ ટીમ નો ઈરાદો છે કે **Counselling** ના ઝરીએ વાલેદૈન અને બચ્ચાઓ ને ફાયદો પહોંચે તે વાસ્તે બે સેન્ટર મુકર્રર કરવામાં આવા છે.

Counselling નો વકત:

આજવા રોડ : ૧૧૦, તાજ કોમ્પ્લેક્ષ :
સાંજે ૬ થી ૭:૩૦ (જુમ્આ, શનિવાર)
બદરી મોહલ્લા: અલવી કોમ્યૂનિટી સેન્ટર:
સવારે ૧૦ થી ૧૨ (રવિવાર) ✯

ભરોસો

દુનિયાની ઝિંદગી બે-સિબાત અને ધોકો આપનારી છે. તેથી યહાઁ પર ખુશી-રાહત કે ગમી-તકલીફ પર તકીયો અને ભરોસો કરવો નહીં. જૂવો-જુગાર રમનારની માલ-મિલકત પર ભરોસો કરવો નહીં, કયા વકત પર સટ્ટામાં એ શું હારી જાશે તે કહી શકાય નહીં. ગરઝ-પરસ્ત દોસ્તનો ભરોસો બેવકૂફી છે. ખુશામદ-ખોટી તાઅરીફ કરનાર ઝબાનથી ભરેલો અને ભરોસાનો ખાલી હોય છે. પરાયા ગૈર બૈરોની કશિશ, રગબત અને ઈશ્ક તે માકડીનું ધોકા-ભરેલું જાલું છે જેમાંથી બાહર આવવું નામુમ્કિન છે. ✯



હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે,

✳ દુનિયામાં ઝિંદગીનો કોઈ ભરોસો નથી. મુમેનીન તમેં મૌતને નઝરના સામે રાખશો તો કોઈ વકત ગુનાહ નહીં કરો.

✳ મુમેનીન! હમેં, બાગમાં જેમ ગુલાબ અને મોગરાના ફૂલ હોય છે, તેમ ખુશ્બૂદાર છે. હમારી પૈદાઈશ પાકી પર છે, તહારત પર છે.

✳ મુમેનીન! હમેં બે અલીની દાઅવતના મુમેનીન છીએ. એક અલી કૂફામાં શહીદ થાનાર શાહે ઈમાન છે અને બીજા અલી, અહમદાબાદમાં શહીદ થાનાર શાહે વલાયત છે.

✳ મુમેનીન! અલ્લાહતઆલાએ હમને જમવા-પીવાનું કહેલું છે પણ હદથી વધારે ખર્ચ કરવાની મનાઈ કીધેલી છે. જે શખ્સ હદથી વધારે ખર્ચ કરશે તે શયતાનનો ભાઈ છે.

✳ મુમેનીન! હમારી જમાઅતની હક્કાનીયત, હક્કની નસથી સાબિત છે. તમામ લોગો હમારાથી અલગ થયેલા છે, હમેં કોઈનાથી અલગ થયા નથી. ✯

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★